## એવોર્ડ અંગે જાહેરાત

### નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા. ગાંધીનગર

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની એવોર્ડ યોજનાઓ અન્વયે નીચે જણાવેલ એવોર્ડ માટે સંસ્થા/ વ્યક્તિ પાસેથી આવેદનપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | એવોર્ડનું નામ | એવોર્ડની રકમ | એવોર્ડ કોને મળી શકશે. | એવોર્ડ માટેનું વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | નાલંદા એવોર્ડ | રૂ.૧,૦૦,૦૦૦/- | સ્વૈચ્છિક સંસ્થાને | ૨૦૧૮-૧૯ |
| ૨ | પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ | રૂ.૧,૦૦,૦૦૦/- | વ્યક્તિને | ૨૦૧૮-૧૯ |

છેલ્લા દશ વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સહિત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે તથા સામાજિક સમજદારીને પ્રોત્સાહન આપી સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન કરનાર સંસ્થાને ''નાલંદા'' એવોર્ડ આપવાની યોજના અમલીત છે. તેમજ ઉક્ત જાતિ સમૂહોને સામાજિક ન્યાય અને માનવ અધિકારો પ્રાપ્ત કરાવવા તથા પછાત વર્ગોમાં જાગૃતિ લાવવા અને તેમના જીવનમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરીને રૂઢિગત પ્રથાઓ તથા પ્રણાલીઓમાંથી બહાર લાવી તેઓને શૈક્ષણિક, આર્થિક તેમજ સામાજિક ક્ષેત્રે અન્ય સમાજની હરોળમાં લાવવા માટે યોગદાન આપનાર વ્યક્તિને ''પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ'' આપવાની યોજના અમલીત છે. આ એવોર્ડ એનાયત કરવાના હેતુ માટે સ્વૈચ્છિક સંસ્થા અને વ્યક્તિઓ માટે દરખાસ્ત મંગાવવામાં આવે છે. જે માટે સંસ્થાએ અથવા વ્યક્તિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે આપેલ યોગદાનને ધ્યાને લેવામાં આવશે. અરજદાર સંસ્થા અથવા વ્યક્તિ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓની સામાજિક, શૈક્ષણિક, આર્થિક વિકાસની પ્રવૃત્તિઓ તેમજ તેમનામાં રહેલી શક્તિઓને ઉજાગર કરતી આવી પ્રવૃત્તિઓ માટે ધ્યાનાકર્ષક અને પ્રથમ દ્રષ્ટિએ નોંધનીય કહી શકાય તેવી કામગીરી થયેલી હોવી જોઇએ. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ ક્ષેત્રે વ્યક્તિ કે સંસ્થા દ્વારા કરવામાં આવેલ વિશિષ્ટ પ્રદાન કોઇ ચોક્કસ સ્થળ, સમય, સમુદાય, પ્રવૃત્તી કે ઘટના પુરતું મર્યાદીત ન હોવું જોઇએ પરંતુ વિશાળ ફલક ઉપર પર્યાપ્ત સમય ગાળા દરમ્યાન એવી કામગીરી કે વિશિષ્ટ પ્રદાન થયેલ હોવું જોઇએ કે બહોળા જનસમુદાયને લાંબા ગાળા માટે ફાયદો થયો હોય.

ઉપરોક્ત એવોર્ડ માટે નિયત અરજીપત્રમાં જરૂરી વિગતો આધાર પુરાવાઓની પ્રમાણિત નકલ સહિત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં. ૪ના ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી ખાતે મોડામાં મોડા તા.૨૦/૩/૨૦૧૯ સુધીમાં મળી જાય તે રીતે ટપાલથી અથવા રૂબરૂ અરજી મોકલી આપવાની રહેશે. સમયગાળા બાદ મળેલ અરજીઓ કોઇપણ સંજોગોમાં ધ્યાને લેવામાં આવશે નહીં. નિયત અરજી પત્રક જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)ની કચેરીએથી મેળવી શકાશે. આ એવોર્ડ અંગેની અન્ય શરતો, માપદંડો, ભલામણ કરનાર વ્યક્તિઓ વગેરે બાબતો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૧/૧૨/૦૪ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૦૩/ ન.બા.૭/ અ તથા ક્રમાંક: સશપ/ ૧૧૦૩/ ન.બા.૨/અ થી સુનિશ્ચિત થયેલ છે. આ ઠરાવો પણ અત્રેના ખાતાના તાબા હસ્તકના જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)ની કચેરીએથી મેળવી શકાશે. ઉપરાંત આ ઠરાવો ખાતાની વેબ સાઇટ https://sje.gujarat.gov.in/ddcw/ પર પણ ઉપલબ્ધ છે.

(કે.જી.વણઝારા)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર